ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૨૬/૦૧/૨૦૨૬

## "અખબારી યાદી"

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ૨૬ જાનુઆરી, ૨૦૨૬ ના ૭૭ માં પ્રજાસત્તાક દિન ની ઉજવણીના ભાગરૂપે ગાંધીધામ ઝંડાચોક મધ્યે કમિશનરશ્રી મનીષ ગુરવાની ના વરદ હસ્તે તથા આદિપુર ઝંડાચોક મધ્યે નાયબ કમિશનરશ્રી મેહુલ દેસાઈના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શહેરીજનો, શાળાના વિધાર્થીઓ તેમજ મહાનગરપાલિકાના કર્મચારીઓ હાજર રહેલ. આ કાર્યક્રમ માં કમિશનરશ્રી ના ઉદબોધનમાં જણાવ્યું કે, અમારો મુખ્ય હેતુ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીમિત રાખવાનો નથી પરંતુ વિકાસ ને નાગરિકો ના રોજીંદ જીવન સાથે જોડવાનો છે. આ દિશામાં શહેરમાં આયોજન બદ્ધ અને સંતુલિત વિકાસ કર્યો અમલમાં મુકવામાં આવ્યા છે. જેમાં દરેક વિસ્તાર સુધી વિકાસ સામાન રીતે પહોચે  તે પ્રમાણે આયોજન કરવામ આવ્યુંછે અને તેની અમલવારી થઇ રહેલ છે, જે વિકાસ કાર્યોમાં મુખ્યત્વે રસ્તાઓ, ફૂટપાથ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણી, સ્ટ્રોમ વોટર, મુખ્ય સર્કલો ડેવલપમેન્ટ, લાઈબ્રેરી, ગાર્ડન ડેવલપમેન્ટ તથા ડોર ટુ ડોર ધન કચરા કલેક્શન, જાહેર સૌચાલયના નિર્માણ અને સફાઈ અને સ્વચ્છતા જેવા મૂળભૂત વિષયોને દરેક વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવી છે.

વધુમાં શહેરના વિકાસ માટે વિકાસ ને નડતરરૂપ દબાણો દુર કરવામાં આવેલ છે, તેમજ મહાનગરપાલિકાના જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે દબાણો દુર કરવા જરૂરી છે. જે ઝુંબેશ ચાલુ છે. કમિશનરશ્રી દ્વારા શહેર માં ચાલતા વિકાસ કામો તથા સફાઈ અંગેની નિયમિત ફિલ્ડ વિઝીટ કરી નાગરિકો સાથે સીધી વાતચીત કરીને તેમની સમસ્યા સમજી ને અધિકારીઓને તે પ્રમાણે ની સુચના આપવામાં આવે છે.

MY GANDHIDHAM એપ્લીકેશન/વેબસાઈટ અને ફોન મારફતે ડીજીટલ ફરિયાદ નિવારણ પ્રણાલી અમલ માં મુકવામાં આવી છે. ડીજીટલ ઇન્ડિયા અંતર્ગત મહાનારપાલિકા ની સેવાઓ વધુ પારદર્શક ઝડપી અને નાગરિક મૈત્રીપૂર્ણ બની છે, જેમાં પ્રોપટી ટેક્ષ, પ્રોફેસનલ ટેક્ષ જેવી સેવાઓનો લાભ નાગરિકો ઘરે બેઠા લઇ શકે છે.

આવનારા દિવસોમાં પણ નિયમિત પાણી સપ્લાય, સારી સ્વચ્છતા અને દરેક ક્ષેત્રને સ્પર્શે તેવા કામોનું આયોજન પણ કરવામાં આવશે. આમ, ઉપરોક્ત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રોજેક્ટ કામોમાં નાગરિકો દ્વારા પૂરો સહકાર આપવામાં આવે, તેવું મહાનગરપાલિકા ની અખબારયાદીમાં અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક અધિકારી